# ગાંધીનગરની દીકરી રચના ત્રિવેદી આજે કૌન બનેગા કરોડપતિમાં ચમકશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની દીકરી રચના ત્રિવેદીને કોન બનેગા કરોડપતિમાં હોટસીટ પર બેસવાનો અવસર પ્રાપ્ત થયો છે. ટીસીએસની તેજસ્વી કર્મચારી રચના ત્રિવેદી આવતીકાલે તા. ૭ અને



૮ ડિસેમ્બરના રોજ અમિતાભ બચ્ચન સાથે કેબીસી રમતી જોવા મળશે.

માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી જગદીશ ત્રિવેદીની દીકરી રચના ત્રિવેદીને મહાનાયક અમિતાભ બચ્ચન સામે બેસીને કૌન બનેગા કરોડપતિમાં રમવાનો મોકો મળ્યો છે જે તકની રાહ ઘણા લોકો વર્ષોથી જોતા હોય છે તે તક રચના ત્રિવેદીને મળી છે. રચના ત્રિવેદીને પ્રથમ જ પ્રયાસમાં તેના તેજસ્વી વ્યક્તિત્વના કારણે કેબીસીમાં હોટસીટ સુધી પહોંચવાનો અવસર પ્રાપ્ત થયો છે.

કુડાસણના શ્રીફળ હાઈટ્સમાં રહેતા જગદીશ ત્રિવેદી હજુ ગયા વર્ષે જ માહિતી ખાતામાંથી નિવૃત્ત થયા છે. તેમને સંતાનમાં એક માત્ર દીકરી રચના જ છે. તેણે શાળાકીય શિક્ષણ સરકારી સ્કૂલમાંથી જ ગુજરાતી માધ્યમમાંથી કર્યુ છે. ત્યારબાદ બીએસસી આઈટીની ડિગ્રી યુનિ. ફર્સ્ટ રેન્ક સાથે મેળવી હતી. એમબીએના ઉચ્ચ અભ્યાસમાં પણ તેણે ગોલ્ડમેડલ મેળવ્યો હતો. કેમ્પસ ઈન્ટરવ્યુમાં જ રચનાની પસંદગી ટીસીએસમાં થઈ હતી. હાલમાં તેને ડેપ્યુટેશન પર જર્મનીના મ્યુનિચમાં નિમણૂંક આપવામાં આવી છે. જો કે કોરોનાની પરિસ્થિતિના કારણે તે હાલમાં અહી રહીને જ વર્ક ફ્રોમ હોમ કરી રહી છે.

સામાન્યજ્ઞાન અને સાહિત્યમાં રસ ધરાવનાર રચના ત્રિવેદીએ કેબીસીમાં પ્રવેશનો પ્રયાસ કરતા વિવિધ પસંદગીની પ્રક્રિયાઓમાંથી પસાર થયા બાદ કેબીસીમાં ફાસ્ટેસ્ટ ફિંગર ફર્સ્ટ રમવાનો અવસર પ્રાપ્ત થયો હતો. જેમાં વિજેતા રહ્યા બાદ રચના ત્રિવેદીને મહાનાયક અમિતાભ બચ્ચન સાથે કેબીસી રમવાનો અવસર પ્રાપ્ત થયો હતો. ત્રણ દિવસ સુધી અમિતાભ બચ્ચન સાથે મુંબઈમાં શુટીંગ કર્યુ હતુ. જે એપીસોડ ૭ અને ૮ ડિસેમ્બરના રોજ પ્રસારિત કરવામાં આવશે. કેબીસીની રમત દરમ્યાન અમિતાભ બચ્ચને રચના ત્રિવેદી સાથે ઘણી વાતો કરી હતી અને તેની અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલી કવિતાની બુકના વખાણ કર્યા હતા. ભારતમાં પ્રવાસન વિકાસની તકો અને વોકલ ફોર લોકલ અંગે રચનાએ પોતાના વિચારો અમિતાભ બચ્ચન સામે વ્યક્ત કર્યા હતા જેનાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા.

# જિલ્લામાં ૫૩ નવા કેસ : ૬૪ને ડિસ્ચાર્જ

## સે. ૨ અને ૨૨ માં ૪-૪ કેસ, સે. ૩ અને સે. ૫ માં ૩-૩ કેસ સહિત ૨૪ કેસ : ગ્રામ્ય વિસ્તારમાં ૨૯ કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં ૪૨ દર્દીઓ રિકવર થયા, શહેરમાં ૨૨ રિકવર થયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૫૩ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૯ અને શહેરમાં ૨૪ કેસનો સમાવેશ થાય છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા વધી સાત હજારના આંકને પાર કરી ગઈ છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ ઉતાર જોવા મળી રહ્યો છે. જો કે ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો હોવાના સંકેતો મળી રહ્યા છે. જિલ્લામાં આ સપ્તાહમાં ત્રીજીવાર કોરોનાના પોઝીટીવ કેસ મળ્યા તેના કરતાં કોરોનાથી રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધારે છે. આજે ૫૩ કેસ નોંધાયા છે તેની સામે ૬૪ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર અને જિલ્લાના કેસોમાં આજે ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧, દહેગામ-કલોલમાં ૭-૭ અને માણસામાં ૪ કેસ નોંધાયા છે.

આજે પણ મહિલા દર્દીઓ અને મોટીવયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આથી તંત્રની કામગીરીનું ભારણ વધ્યુ છે.

ગાંધીનગર તાલુકાના રૂપાલ અને કોલવડા ગામેથી આજે બે કેસ મળી આવેલ છે. આ ઉપરાંત સરઢવ, કુડાસણ, રાંદેસણ, સુઘડ, આલમપુર, પેથાપુર, સરગાસણ ગામેથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાંથી આજે સાત કેસ મળી આવેલ છે. જેમાં દહેગામ અર્બનમાંથી બે કેસ મળવા ઉપરાંત લિહોડા, પીપલજ, પાટનાકુવા, ખાનપુર અને નાંદોલ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ચાર કેસ નોંધાયા છે. જેમાં અર્બન વિસ્તારમાં એક ઉપરાંત બાપુપુરા, બિલોદરા અને ખડાત ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે પણ સાત કેસ મળી આવ્યા છે. શેરીસા, વેડા, ઈસંડ, બાલવા, લિંબોદરા ગામેથી કેસો મળવા ઉપરાંત કલોલ અર્બન વિસ્તાર નં. ૨ માંથી ૨ કેસ મળી આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૪૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૧૦૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩,૩૪૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સતત ત્રીજા દિવસે પણ કોરોના પોઝીટીવના દર્દીઓ ઘટવાનો ટ્રેન્ડ ચાલુ રહેવા પામ્યો છે. શહેરમાં આજે ૨૪ દર્દીઓ નોંધાયા છે.

શહેરમાં ધીમી ગતિએ કેસો ઘટવાનો ટ્રેન્ડ શરૂ થતાં તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે. જો કે કોરોના માટેના સંવેદનશીલ વિસ્તારો વધુ સંવેદનસીલ બની રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૪ કેસોમાં ૧૦ મહિલા દર્દીઓ તેમજ ૯ મોટીવયના દર્દીઓ છે. સે. ૨૨ માં ૯૨ વર્ષના દાદીમા કોરોનાથી સંક્રમિત થયા છે અને તેમને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા ૨૪ કેસમાંથી ૨૨ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હાલ ૨૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે સે. ૨ અને ૨૨ માં ૪-૪ કેસ, સે. ૩ અને સે. ૫ માં ૩-૩ કેસ નોંધાયા છે. તેમજ સે. ૪, જીઈબી અને સે. ૨૬ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૨૮, સે. ૨૯, સે. ૧ અને સે. ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# સે-૧૭ અને ૧૯ માં આંતરિક માર્ગોની સુધારણા માટે ટેન્ડર પ્રકીયા પુર્ણ

ગાંધીનગર તા ૬

શહેરમાં મુખ્યમાર્ગો સહીત આંતરિક માર્ગોના સુધારણાનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવશે. શહેરના સે-૧૭ અને સે-૧૯ માં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે થોડા સમય અગાઉ ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી હતી જયારે હવે ટેન્ડર પ્રકીયા આખરી થતા આગામી દિવસોમાં સંબાંધિત એજન્સી દ્વારા કામ પણ શરૂ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં વરસાદી દિવસો બાદ માર્ગોની હાલત અત્યંત કફોડી બની છે. જેના લીધે સેકટરોમાં ટ્રાફિકની અવરવજવરમાં પણ મુશ્કેલી પડે છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે પણ માર્ગો વધુ ઉબડ ખાબડ બન્યા છે. જેના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા માર્ગો ખરબચડા બન્યા છે. વરસાદી દિવસોમાં પણ માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે સેકટરોમાં નિયત સમય થઈ ગયો હોય તેવા કિસ્સામાં માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. જેથી આ મુજબ સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવુ અનિવાર્ય બન્યુ છે. હાલ શહેરના મુખ્યમાર્ગો પર કામ ચાલી રહ્યુ છે. જેમાં નગરના મુખ્ય ગ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત નગરના ઘ-૫ થી ઘ-૭ વચ્ચેના માર્ગનુ પણ વાઈડનીંગ અને પેવરકામ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત હવે નજીકના દિવસોમાં સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરાશે નગરના જુના સેકટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્ય સરકારના ૨૦૨૧-૨૨ના બજેટનું કદ ૨.૫૦ લાખ કરોડ હોવાની ધારણા

## આ વખતે કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને આરોગ્યનું કદ વધે તેવી સંભાવના

ગાંધીનગર

ગુજરાત સરકારનું ૨૦૨૧-૨૨ના વર્ષનું સામાન્ય બજેટ જ્યારે ફેબ્રુઆરીના મધ્યમાં રજૂ થશે ત્યારે તેનું કદ ૨.૫૦ લાખ કરોડ સુધી પહોંચી જવાની ધારણા છે. અતિ મહત્વની બાબત એવી સામે આવી છે કે કોરોના સંક્રમણના કારણે આરોગ્યલક્ષી બજેટનું કદ વધે તેવી સંભાવના છે.

રાજ્યના નાણાં વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે અમે વિભાગોને બજેટની જોગવાઈઓ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. ૨૦૨૦-૨૧ના વર્ષના બજેટનું કદ ૨.૧૭ લાખ કરોડ રૂપિયા હતું તેમાં વધારો કરીને ૨.૫૦ લાખ કરોડની આસપાસનું કદ રહે તેવી ધારણા રાખવામાં આવી છે. જો કે નવા વર્ષના બજેટમાં નવી યોજનાઓ સાથે બિનજરૂરી ખર્ચ ઘટાડવા અને કરકસર રાખવાના માપદંડો રાખવામાં આવી શકે છે. એ સાથે આરોગ્ય સહિતના જનતાને લગતી જોગવાઈ સાથે ટેક્સના વિવિધ માળખામાં થોડું પરિવર્તન આવે તેવું સંભવ છે.

બજેટમાં સમાવેશ કરવામાં આવનારી નવી યોજનાઓ, નવી ભરતીના કર્મચારીઓના પગાર અને ભથ્થાં, જે યોજનાઓ ચાલુ હોય તેને અપગ્રેડ કરવાના ખર્ચા તેમજ સરકારના વિવિધ ખર્ચની વિગતો આપવાનું કહેવામાં આવ્યું છે. નાણા વિભાગના એક આદેશ પત્રમાં જણાવ્યા પ્રમાણે ૬૪થી વધુ બજેટ પ્રકાશનો તૈયાર કરવાના થાય છે. એ પહેલાં સરકારના ૨૬ વિભાગો અને સરકારી કચેરીઓએ બજેટના કામો પૂરાં કરવાના રહેશે.

નાણાં વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૨૦૨૧માં કોરોના સંક્રમણ સામે રસીકરણનો મોટો પડકાર છે. કેન્દ્રના આદેશને પગલે રસીકરણ માટેની નવી જોગવાઈ બજેટમાં આવી શકે છે. એ ઉપરાંત આરોગ્ય સંસ્થાઓ તેમજ હોસ્પિટલોની સાધનસામગ્રી તેમજ મેનપાવરના ખર્ચને પહોંચી વળવા નવી જોગવાઈ કરવામાં આવી શકે છે. નવા વર્ષના બજેટમાં આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા પર ભાર મૂકવામાં આવશે. નવી કેન્દ્રીય શિક્ષણ નીતિનો અમલ કરવા કેટલીક નવી બાબતો સામે આવી શકે છે.

# રોજગારી નિર્માણ માટેની મનરેગા યોજનાના અમલીકરણમાં જિલ્લો રેડ ઝોનમાં મુકાતાં તંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લો મનરેગા યોજનાના અમલીકરણ માટે રેડઝોનમાં મુકવામાં આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે.

તાજેતરમાં સરકારે આ અંગે કરેલી બેઠકમાં તંત્રના અધિકારીઓનો કાન આમળ્યો હતો. જિલ્લામાં મનરેગાના અમલીકરણને લઈ તંત્રની ઉદાસીનતા અંગેના અહેવાલો અખબારોમાં અનેકવાર છપાઈ ચુક્યા છે પરંતુ તંત્ર દ્વારા આ બાબતે જોઈએ તેટલી ગંભીરતા દાખવવામાં ન આવી હોવાનું સ્પષ્ટ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં રેડ ઝોન મળેલ છે આથી જિલ્લાકક્ષાએ તમામ તાલુકામાં મનરેગાના કામો ચાલુ થાય અને વધુ ને વધુ માનવદિન રોજગારી ઉભી થાય તે જોવા માટે તાકીદ પણ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૭-૧૮ના ચારેય તાલુકાના ૩૨ જેટલા કામો પૂર્ણ થયા કે નહિ તેનો કમ્લીશન સર્ટિફિકેટ સાથેનો રિપોર્ટ પણ રજુ કરવામાં આવ્યો નથી. ૧૮-૧૯ ના પણ ૩૬ કામોમાં પણ આવી સ્થિતિ તો ૧૯-૨૦ના વર્ષમાં ૩૦૦થી પણ વધુ કામોના કમ્પીશન સર્ટિફિકેટ નહિ મળ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવવા પામી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ કેન્દ્ર પુરસ્કૃત

● અનુસંધાન પાન-૭ પર

# ફુટપાથના ગાબડા પુરવા માટે કોઈ આયોજન થતુ નથી : નાગરિકોમાં આક્રોશ

## વાઈબ્રન્ટ વેળાએ મુખ્યમાર્ગોની ફુટપાથના કર્બિંગને કલરકામ કરવામાં આવે છે : છેલ્લા બે વર્ષથી ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે

ગાંધીનગર તા ૬

શહેરમાં ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. છેલ્લા એક વર્ષથી ફુટપાથની જાળવણી માટે કોઈ આયોજન થયુ નથી જેના લીધે સેકટરોના રીંગ રોડ તેમજ એપ્રોચ માર્ગો આસપાસ ફુટપાથ પર ગાબડા જોવા મળે છે.જયારે મુખ્યમાર્ગો આસપાસ પણ ફુટપાથની તુટેલી ટાઈલ્સો ઉખડતા વોક વે પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. દર વખતે વાઈબ્રન્ટ વેળાએ મુખ્યમાર્ગો પર ફુટપાથના કર્બીંગને કલર કરવામાં આવે છે. અને મુખ્યમાર્ગોની ફુટપાથની સુંદરતા વધારવા માટે પણ લાખોનો ખર્ચ થાય છે. ત્યારે કંગાળ બનેલી ફુટપાથની જાળવણી માટે હાલ તંત્ર કક્ષાએથી કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી જેના લીધે વોકીંગ કરનારાઓમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.

શહેરમાં છેલ્લા બે વર્ષથી ફુટપાથની દશા બેઠી છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના રીંગ રોડ આસપાસ પણ ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગો પર ફુટપાથની ટાઈલ્સો તુટીને ઉખડેલી જોવા મળે છે જયારે ફુટપાથ વચ્ચે મોટાગાબડા પણ પડયા છે. સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે પણ ફુટપાથમાં મોટાભાગની જગ્યાએ ભંગાણ જોવા મળે છે. નગરના મુખ્યમાર્ગો સહીતના વિસ્તારમાં ફુટપાથનુ નેટવર્ક ઉભુ કરવા માટે માર્ગ મકાન વિભાગ

● અનુસંધાન પાન-૭ પર

# બાપુનગરમાં શ્યામ શિખર કોમ્પ્લેક્સમાં ભયાનક આગ

## આગમાં મોબાઈલની ૧૫ દુકાનો ખાક : આગના બનાવની જાણ થતાં ફાયર વિભાગના કર્મચારીઓ ફાયર ફાઈટર સાથે પહોંચ્યા હતા




અમદાવાદ,તા.૬

બાપુનગરમાં આવેલા શ્યામ શિખર કોમ્પ્લેક્સમાં મોબાઈલની એક પછી એક દુકાનમાં આગ લાગવાની ઘટના બની છે. આજે સવારે બનેલી આ ઘટનામાં મોબાઈલની દુકાનો બળીને ખાક થઈ ગઈ છે. ૨ કલાકની ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો છે. આગ એટલી વિકરાળ હતી કે ૮ જેટલા ફાયર ફાઈટર આગ પર કાબૂ મેળવવા માટે ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. મોબાઈલ હબ તરીકે ઓળખાતા શ્યામશિખર કોમ્પ્લેક્સમાં સવારે આગ લાગવાની ઘટના બની હતી. મળતી માહિતી મુજબ ૧૫ દુકાનો આગની ચપેટમાં આવી ગઈ હતી. આગના બનાવની જાણ થતાં પોલીસ સહિત ફાયર વિભાગના કર્મચારીઓ ફાયર ફાઈટર સાથે પહોંચ્યા હતા અને ૨ કલાકની મહેનત બાદ આગ પર કાબૂ મેળવી શકાયો છે.

# રીન્યુએબલ એનર્જી સેકટરમાં ગુજરાતનો ડંકો : ૧૨૦૦૦ મેગાવોટનો આંક વટાવશે

## રાજ્ય સરકારની પોલિસી પ્રમાણે સોલાર, વિન્ડ અને રૂફટોપ વીજળીમાં પ્રોત્સાહનોના કારણે સ્થાપિત ક્ષમતામાં થયેલો વધારો

ગાંધીનગર

ગુજરાતમાં રીન્યુએબલ એનર્જી સેકટરમાં નવો વિક્રમ સ્થાપિત થવા જઈ રહ્યો છે. તામિલનાડુ, રાજસ્થાન અને આંધ્રપ્રદેશની ગુજરાત સાથે સ્પર્ધા હોવા છતાં ગુજરાતમાં ટૂંકસમયમાં રીન્યુએબલ એનર્જીમાં ૧૨૦૦૦ મેગાવોટનો આંકડો પાર કરી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે કરામ કરતી એક અગ્રણી સંસ્થા ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના સૂત્રોએ જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં રીન્યુએબલ એનર્જીમાં ૪૫૦ મેગાવોટનો વધારો થયો છે. આ વધારા પછી ગુજરાતની સ્થાપિત વીજક્ષમતા ૧૦૭૩૦ મેગાવોટથી વધીને ૧૧૧૮૦ મેગાવોટ થઈ છે.

રાજ્યના ઉર્જા વિભાગના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે કોરોના સંક્રમણ હોવા છતાં ગુજરાત રૂફટોપ સોલાર પ્રોજેક્ટમાં સૌથી વધુ કામ કરી રહ્યું છે. દેશમાં રૂફટોપ વીજળી ઉત્પન્ન કરતાં રાજ્યોમાં કુલ ૮૮૦ મેગાવોટ વીજળી રૂફટોપમાં મેળવવામાં આવી છે જે પૈકી ગુજરાતનો ગિસ્સો ૩૬૦ મેગાવોટ છે.

તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં જો કે વિન્ડ પાવરમાં માત્ર ૪૦ મેગાવોટનો વધારો થઈ શક્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી ડિસેમ્બરે રાજ્યના કચ્છમાં વિશ્વનો સૌથી મોટો ૧૪૫૦૦ મેગાવોટનો રીન્યુએબલ એનર્જી પાર્કનું ઉદઘાટન કરવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાત આ સેકટરમાં સૌથી મોટી હરણફાળ ભરશે.

આ એનર્જી પાર્કમાં સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, એનટીપીસી, જીએસઈસી, સુઝલોન અને અદાણી ગ્રુપ સહિતની પાવર કંપનીઓએ તેમનું વીજ ઉત્પાદન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં હાલમાં ૭૫૫૦ મેગાવોટનું વિન્ડ પાવર ઉત્પાદન થાય છે. સોલાર પાવરની ઈન્સ્ટોલ કેપેસિટી ૩૬૪૦ મેગાવોટ છે જેમાં ૮૭૦ મેગાવોટ રૂફટોપથી મેળવવામાં આવે છે. ગુજરાતે છેલ્લા એક વર્ષમાં ૧૪૭૧ મેગાવોટની વિન્ડ પાવર કેપેસિટી મેળવી છે.

તેમણે કહ્યું કે ગુજરાતમાં હાલમાં લગભગ ૭,૫૫૦૦ મેગાવોટ વિન્ડ પાવર ઉત્પાદન છે. સોલાર પાવરના કિસ્સામાં, ઈન્સ્ટોલ કરેલી ક્ષમતા ૩,૬૪૦ મેગાવોટ છે, જેમાં ૨,૭૭૦ મેગાવોટ ગ્રાઉન્ડ-માઉન્ટ અને ૮૭૦ મેગાવોટની છત ક્ષમતા છે. ૨૦૧૭-૧૮થી રાજ્યમાં છત સોલર પાવર ઉત્પાદન ક્ષમતામાં ૭૦૦ મેગાવોટથી વધુનો ઉમેરો થયો છે. ૨૦૧૯-૨૦માં, રાજ્યમાં અત્યાર સુધીની સૌથી વધુ પવન ઉર્જા ઉત્પાદન ક્ષમતા ૧,૪૭૧ મેગાવોટનો ઉમેરો કરવામાં આવ્યો.

૧૬મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ તા. ૧/૬/૧૯૬૭ સ્વ. તા. ૭/૧૨/૨૦૦૪

સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા

સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી. અમને વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી. અમને આંસુ પડે છે આંખમાંથી તસવીર જોઈ તમારી. સદાય હસતા રહી સૌને રડાવી ગયા તમે.

પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે.

વિઠ્ઠલજી કે. મકવાણા
સંજયકુમાર વી. ઠાકોર (જમાઈ)
નયનાબા એસ. ઠાકોર (દિકરી)
હિતેશ વિ. મકવાણા (પુત્ર)
બ્રિજલ હિતેશ મકવાણા (પુત્રવધુ)
ક્રિષા હિતેશ મકવાણા (પૌત્રી)
સ્મિત (ભાણો)

સમસ્ત મકવાણા પરિવાર - ધોળાકુવા

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com